**ગૃહ વિભાગ અને તેના નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓની કચેરીઓમાં કોમ્પ્યુટરાઈઝેશન/ આઈટી સંલગ્ન સેવાઓના અમલીકરણ માટે આઈટી કમિટીની પુન: રચના કરવા બાબત**

# ગુજરાત સરકાર

**ઠરાવ ક્રમાંક:આઈટીસી-૧૦-૨૦૧૯-૫૮-આઈટી સેલ**
**ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર**
**તા. ૦૬/૦૮/૨૦૨૦**

**વંચાણે લીધા:-**

૧. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના તા.૩૦/૦૭/૨૦૦૪ના ઠરાવ ક્રમાંક:TSP/2004/808/DST
૨. વિભાગનો તા.૦૧/૦૩/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક: આઇએનએફ-૨૦૦૩/સમિતિ(૬)/આઈટી સેલ

**ઠરાવ:-**

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના ઠરાવથી આઈટી ખરીદ નીતિ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલ છે. જે મુજબ ગૃહ વિભાગ અને તેના નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓની કચેરીઓમાં કોમ્પ્યુટરાઈઝેશનની પ્રક્રિયા ઝડપ આવે તેમ જ એક સુત્રતા જળવાય તે માટે વંચાણે લીધેલ ક્રમાંક(૨)થી ગૃહ વિભાગની આઈટી કમિટીની રચના કરવામાં આવેલ.

ગૃહ વિભાગની આઈટીની કામગીરીમાં વહીવટી ફેરફાર કરવામાં આવેલ હોઈ આઈટી કમિટીની પુન: રચના કરવાની બાબત વિભાગકક્ષાએ વિચારણા હેઠળ હતી.

આથી હવે પુખ્ત વિચારણાના અંતે ગૃહ વિભાગની આઈટી કમિટીની નીચે મુજબ પુન: રચના કરવાનું ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ), ગૃહ વિભાગ | અધ્યક્ષશ્રી |
| ૨. | અધિક મુખ્ય સચિવશ્રી(ખર્ચ)/અગ્ર સચિવશ્રી(ખર્ચ)/સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ | સભ્ય |
| ૩. | સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | સભ્ય |
| ૪. | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુ.રા. | સભ્ય |
| ૫. | અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તકનિકી સેવાઓ) | આમંત્રિત સભ્ય |
| ૬. | સચિવશ્રી(ગૃહ), ગૃહ વિભાગ | સભ્ય |
| ૭. | મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઈન્ફોરમેટીક્સ લી. | સભ્ય |
| ૮. | સંબંધિત નાયબ સચિવશ્રી(આઈટી), ગૃહ વિભાગ | સભ્ય |
| ૯. | નાયબ નિયામકશ્રી(આઈટી) અને ચીફ ઈન્ફોર્મેશન ઓફિસર, ગૃહ વિભાગ | સભ્ય સચિવ |
| ૧૦ | Head, State eGovernance Mission Team | સભ્ય |
| ૧૧ | સંબંધિત ખાતાના વડા/ટેકનિકલ એક્ષપર્ટ | આમંત્રિત સભ્ય |

વધુમાં, રૂ.૧(એક) કરોડથી વધુ કિંમતના પ્રોડક્ટ/પ્રોજેક્ટ/સર્વીસની ખરીદી કરતા પહેલા State eGovernance Mission Team, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો અભિપ્રાય/પરામર્શ મેળવવાનો રહેશે તથા મે. જી.આઈ.એલ. દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ HandBook on Standard procedure for Computerization- June.2004માં દર્શાવ્યા મુજબની કાર્યરીતિ હાથ ધરવાની રહેશે.

[P.T.O.]

ઉકત કમિટી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની વખતો વખતની સુચનાઓ અનુસાર ગૃહ વિભાગ અને તેના નિયંત્રણ હેઠળના ખાતા વડાઓની કચેરીઓમાં આઈટી સંબંધિત કામગીરીનું અમલીકરણ કરવાની કાર્યવાહી કરશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(સત્કાર દેસાઈ)
સેક્શન અધિકારી
ગૃહ વિભાગ

**નકલ રવાના :**

- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ), ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ),નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ગૃહ), ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌધ્યોગિકી વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગર
- નિયામકશ્રી, લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો,અમદાવાદ
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(જેલ) અને સુધારાત્મક વહીવટ, અમદાવાદ
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તકનિકી સેવાઓ ), ગાંધીનગર
- કમાન્ડન્ડ જનરલશ્રી, ગૃહ રક્ષક દળ, અમદાવાદ
- નિયામકશ્રી, નાગરિક સંરક્ષણ, અમદાવાદ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી., ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ,ગાંધીનગર
- સચિવશ્રી, માનવ અધિકાર આયોગ. ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લી., ગાંધીનગર
- નિયામકશ્રી, નશાબંધી અને આબકારી ખાતું, ગાંધીનગર
- નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુર્નવસવાટ, અમદાવાદ
- અધિક સચિવશ્રી(ક.ગ./મહેકમ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી(આઈટી), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ગૃહ વિભાગના નાયબ સચિવશ્રી/ઉપ સચિવશ્રી/સેકશન અધિકારીશ્રીઓ તમામ
- નાયબ નિયામકશ્રી(આઈટી) અને ચીફ ઈન્ફોર્મેશન ઓફિસર, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- Head, State eGovernance Mission Team, વિજ્ઞાન અને પ્રૌધ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ